# રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## આઈ.ટી.આઈ. / આઈ.ટી.સી.માં પ્રવેશ માટેની જાહેરાત

રાજ્યની સરકારી તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ચાલતા વિવિધ પ્રકારના NCVT/GCVT પેટર્નના વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે પ્રવેશસત્ર ઓગષ્ટ-૨૦૧૯માં ભરવાપાત્ર બેઠકો માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરેલ છે. પ્રવેશવાંચ્છુ ઉમેદવારોએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારોની સુવિધા માટે તેમના રહેઠાણની નજીકની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રૂા. ૨૦/- ભરીને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકશે.

૧. ઓનલાઈન પ્રવેશ ફોર્મ (૧) https ://itiadmission.gujarat.gov.in (૨) https ://www.talimrojgar.gujarat.gov.in વેબસાઈટ પર તારીખ: ૦૧/૦૬/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી તારીખ: ૨૧/૦૬/૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ભરી લેવાનું રહેશે.

૨. પ્રિન્ટેડ પ્રવેશ ફોર્મ બારકોડેડ હોય તે ઉમેદવારે ખાસ જોવાનું રહેશે. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ તેનું પ્રિન્ટઆઉટ મેળવી જરૂરી શૈક્ષણિક લાયકાતના સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની નકલો સહીત નજીકની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રૂા. ૫૦/- ફોર્મ દીઠ રજીસ્ટ્રેશન ફી ભરી તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

૩. એક વખત રજીસ્ટ્રેશન થઈ ગયા પછી ઉમેદવાર જો તેઓએ ભરેલ વિગતોમાં સુધારો કરવા ઈચ્છતા હશે તો તેઓએ જે સંસ્થામાં રજીસ્ટ્રેશન ફી ભરેલ છે તે સંસ્થા ખાતે જઈને જ સુધારો તારીખ: ૨૧/૦૬/૨૦૧૯ સુધીમાં કરાવી શકશે.

૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મને લગતી તમામ માહિતી જેવી કે, સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ઉપલબ્ધ વ્યવસાયોની વિગત, અગત્યની સુચનાઓ, પ્રવેશના નિયમો, મેરિટ યાદી નક્કી કરવાની પદ્ધતિ, સ્ટાઈપેન્ડ, રીઝર્વેશન પોલીસી, સંબંધિત વ્યવસાયોમાં પ્રવેશ પાત્રતા, ટ્યુશન ફી વિગેરે તમામ વિગતો માહિતી પુસ્તિકામાં દર્શાવેલ છે. જે ઉપરોક્ત વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. ફોર્મ ભરતા પહેલા વેબસાઈટ પર મૂકેલ તમામ માહિતી અને સૂચનાઓ વાંચી લેવાની રહેશે. માહિતી પુસ્તિકા નજીકની સંસ્થા ખાતેથી રૂા. ૨૫/- રોકડા જમા કરાવી મેળવી શકાશે. તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

૫. સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના વ્યવસાયોમાં ભરવાપાત્ર બેઠકો ઉપરોક્ત વેબસાઈટમાં મૂકવામાં આવેલ છે.

૬. રાજ્યની તમામ સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ ખાતે પ્રવેશ અંગેના માર્ગદર્શન માટે ઉપરોક્ત તારીખો દરમ્યાન સવારે ૧૧.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક સુધી માર્ગદર્શન કાઉન્ટર કાર્યરત રહેશે.

૭. આ ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબના હેલ્પ સેન્ટરો ખાતેથી ટેલીફોન દ્વારા ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા અંગેનું માર્ગદર્શન મળી શકશે.

| ક્રમ | કચેરીનું નામ | હેલ્પ સેન્ટર-ફોન નંબર |
|---|---|---|
| ૧ | રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | (૦૭૯) ૨૩૨૫૩૮૧૦ |
| ૨ | નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ | (૦૭૯) ૨૨૮૨૨૪૨૬ |
| ૩ | નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, વડોદરા | (૦૨૬૫) ૨૪૩૮૪૭૭ |
| ૪ | નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, રાજકોટ | (૦૨૮૧) ૨૪૫૮૪૮૮ |
| ૫ | નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, સુરત | (૨૬૧) ૨૪૭૫૧૯૫ |

૮. ઉમેદવારનું ફોર્મ સ્વીકાર્યા બદલની જાણ, તેઓનો મેરીટ ક્રમાંક અને રૂબરૂ મુલાકાત માટે જે સંસ્થા ખાતે હાજર રહેવાની તારીખ અંગેની જાણ SMS દ્વારા કરવામાં આવનાર હોઈ દરેક ઉમેદવારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરતી વખતે તેઓના મોબાઈલ નંબરની વિગતો દર્શાવવી ખૂબ જ આવશ્યક છે. તેમજ રાજ્ય સરકારની સહાયકારી વિવિધ યોજનાઓનો લાભ મેળવવાના હેતુસર પ્રવેશ ફોર્મમાં આધારકાર્ડ નંબર, બેંકના ખાતાના નંબર આપવો આવશ્યક છે.

૯. ઉમેદવારે કઈ તારીખે અને સમયે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવું તે અંગેનો કોલ લેટર ઓનલાઈન પ્રિન્ટ કરી જે તે સંસ્થા ખાતે પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૦. ઉમેદવારને જે વ્યવસાયમાં પ્રવેશ મળેલ હશે તે વ્યવસાયની ભરવાપાત્ર બેઠકો ૫૦ % કરતાં ઓછી ભરાશે તો સદર વ્યવસાય બંધ કરવા જે તે સમયે નિર્ણય લેવામાં આવશે જે ઉમેદવારને બંધનકર્તા રહેશે. અલબત આવા ઉમેદવારોને વૈકલ્પિક ટ્રેડોમાં મેરીટના ધોરણે સમાવેશ કરવાની તક આપવામાં આવશે.

૧૧. આઈ.ટી.આઈ.માં પરીક્ષામાં બેસવા માટે ૮૦% હાજરી ફરજીયાત છે. ૮૦% હાજરીનું ધોરણ સમગ્ર ભારતમાં અમલી છે.

૧૨. પ્રવેશ મેળવવા માંગતા ટ્રેડ / યુનિટને NCVT નું એફીલીએશન મળેલ છે કે કેમ ? તેની ચકાસણી ઉમેદવારે કરી લેવાની રહેશે.

૧૩. ટપાલથી મોકલાવેલ પ્રવેશ ફોર્મ રદ બાતલ ગણવામાં આવશે જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

૧૪. પ્રવેશ અંગેનો આખરી નિર્ણય જે તે સંસ્થા કક્ષાની પ્રવેશ સમિતિનો રહેશે. તે તમામ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૫. પુનઃપ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ પણ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૧૬. આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓના ડેટાની NCVT MIS / GCVT Portal પર એન્ટ્રી કરવાની થતી હોઈ એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં બદલી કરવામાં આવામાં આવતી નથી.

૧૭. પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશન ફી https ://e-trams.gujarat.gov.in/ થી ઓનલાઈન ભરવાનો રહેશે.

18. ઓગષ્ટ-૨૦૧૯ના સત્રથી નવીન NCVT NSQF વ્યવસાયો શરૂ કરવામાં આવનાર છે. જેનો લાભ લેવા અનુરોધ કરવામા આવે છે.

**(સુપ્રીત સિંઘ ગુલાટી, IAS)**
**નિયામક**
**રોજગાર અને તાલીમ**
**ગાંધીનગર**

**ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ સમય સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી**

માહિતી/૧૪૬/૧૮-૨૦

Scanned by CamScanner